# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

## જાહેર નોટીસ

રાજ્ય સરકાર દ્વારા ફાયર એક્ટ-૨૦૧૩થી ફાયર એક્ટ બનાવવામાં આવેલ છે. ફાયર એક્ટની જોગવાઈ અંતર્ગત તથા G.P.M.C. Act 1949 ની કલમ 458 નીચે જણાવેલ બિલ્ડીંગ બાયલોઝના પ્રકરણ-૩ના કલોઝ 8 તથા ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન નં. 17 (2) અને 18 (2) અનુસાર હાઈરાઈઝ બિલ્ડીંગોમાં ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવવી, મેઈન્ટેન કરવી તથા ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શનના નિયમોનું પાલન કરવું ફરજીયાત છે.

ધી ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ની કલમ-૧૮ મુજબ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવવી, કાર્યરત રાખવી તથા તેનું ફાયર ખાતા પાસે ઈન્સ્પેક્શન કરાવી જરૂરી સર્ટીફીકેટ (નો-ઓબ્જેક્શન) મેળવવાની સંપૂર્ણ જવાબદારી જે-તે માલિક/ઓર્ગેનાઈઝર/બિલ્ડર/ડેવલપર/ ચેરમેન/સેક્રેટરી/મેમ્બર તથા વપરાશકર્તાની રહેતી હોય છે.

હાઈ-રાઈઝ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટર કરતા ઉંચાઈના તમામ બિલ્ડીંગ-રેસિડેન્શિયલ, રેસિડેન્શિયલ કમ કોમર્શીયલ, કોમર્શીયલ), લો-રાઈઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઈના) બિલ્ડીંગો/પબ્લિક ગેધરીંગ/ સ્પેશીયલ પ્રકારના હોસ્પિટલ બિલ્ડીંગો/સિનેમા મલ્ટીપ્લેક્સ/મોલ/તમામ પ્રકારની ફેક્ટરીઓ/વેર હાઉસ/ગોડાઉનના માલિક/ઓર્ગેનાઈઝર/બિલ્ડર/ડેવલપર/ચેરમેન/સેક્રેટરી/મેમ્બર તથા વપરાશકારને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી તુરંત ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરાવવી.

જે જગ્યાએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ લગાવેલ હોય તેઓએ ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ કાર્યરત છે તે બાબતનું સર્ટીફીકેટ (નો-ઓબ્જેક્શન) અગ્રિમતાના ધોરણે (તાકીદના ધોરણે) સમયમર્યાદામાં મેળવી લેવાનું રહેશે.

સ્ટેરકેસ તથા બિલ્ડીંગનો અન્ય ભાગ ફાયર એક્ટની જોગવાઈ મુજબ તાકીદે વેન્ટીલેટેડ કરાવવાના રહેશે.

**નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર:**

૧) હાઈરાઈઝ બિલ્ડીંગ (પ્રવર્તમાન નિયમ મુજબ ૧૫ મીટરથી વધુ ઉંચાઈના તમામ બિલ્ડીંગ-રેસિડેન્શિયલ, રેસિડેન્શિયલ કમ કોમર્શીયલ, કોમર્શીયલ)

૨) લો-રાઈઝ (૧૫ મીટરથી નીચેની ઉંચાઈના) બિલ્ડીંગો જેવા કે હોસ્પિટલ/પબ્લિક ગેધરીંગ/સ્પેશીયલ પ્રકારના હોસ્પિટલ બિલ્ડીંગો/સિનેમા હોલ/મલ્ટીપ્લેક્સ/મોલ/તમામ પ્રકારની ફેક્ટરીઓ/વેર હાઉસ/ મેરેજ કોમ્યુનિટી હોલ/ઓડિટોરીયમ/ફ્યુઅલ પંપ/ શૈક્ષણિક સંસ્થાઓ/ટ્યુશન કલાસીસ /હોસ્ટેલો/બેંકો તથા નાણાં સંસ્થાઓ/ગોડાઉનના માલિક/ઓર્ગેનાઈઝર/બિલ્ડર/ડેવલપર/ ચેરમેન/સેક્રેટરી/મેમ્બર તરફથી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન સીસ્ટમ ઈન્સ્ટોલ કરી કાર્યરત કરાવવી જરૂરી ફાયર પ્રિવેન્શન એન્ડ પ્રોટેક્શન બાબતનું સર્ટીફીકેટ સક્ષમ સત્તા પાસે મેળવવામાં આવશે નહીં તેમજ તે માટેના ફાયર એક્ટની જોગવાઈ મુજબ નિયમોનું પાલન કરવામાં આવશે નહીં અને આગ/જાનહાની કે હોનારત સર્જાશે અને આવા સમયે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મેનેજમેન્ટ/લગત માલિક/કબ્જેદાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જેને કારણે પડનાર હાડમારી કે મુશ્કેલીની તો તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટ/માલિક/કબ્જેદારની રહેશે.

-સહી-
**મ્યુનિસિપલ કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા.**

**તા.૨૩/૧૨/૨૦૨૦**
**સ્થળ:ગાંધીનગર**